## સ્મૃતિ ચિત્ર... રેખાંકન : નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, ડીસા




## આજનું રાશિફળ

**શુભલક્ષ્મી પંચાગ, અમદાવાદ**
**રિતેશ શાસ્ત્રી**
**+૯૧ ૯૪૨૮૧ ૦૩૨૩૩**

મેષ: તમને સામાજિક ક્ષેત્રોમાં ખૂબ રસ હશે. તમે મિત્રો સાથે પાર્ટી વગેરે કરવાનું આયોજન કરી શકો છો. તમારે તમારા જીવનસાથીની લાગણીઓનો આદર કરવો પડશે.

વૃષભ: તમે ક્યાંક ફરવા જવાની યોજના બનાવી શકો છો. જ્યારે તમે તમારા બાળકને પ્રગતિ કરતા જોશો ત્યારે તમારી ખુશીનો કોઈ પાર રહેશે નહીં. તમને મિત્રો તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: પરિવારમાં કોઈ નવા મહેમાનનું આગમન થઈ શકે છે. તમારે કોઈ વિરોધીના પ્રભાવથી બચવું પડશે. તમારે તમારા પિતાના સ્વાસ્થ્ય પ્રત્યે થોડું સાવધ રહેવાની જરૂર છે. વાહનોનો ઉપયોગ કરતી વખતે તમારે સાવચેત રહેવું પડશે. તમને તમારા ભાઈ-બહેનોનો સંપૂર્ણ સહયોગ મળશે.

કર્ક: આજનો દિવસ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તમારા માટે નબળો રહેવાનો છે. તમારે તમારી સમસ્યાઓ અંગે કેટલાક પરીક્ષણો પણ કરાવવા પડી શકે છે. તમારે તમારા ઘર તેમજ બહારના કામમાં સંકલન જાળવવું જોઈએ. પરિવારનો કોઈ સભ્ય કોઈ બાબતમાં તમારાથી ગુસ્સે થઈ શકે છે.

સિંહ: તમે તમારા બાળકને નવા અભ્યાસક્રમમાં પ્રવેશ અપાવવાનું વિચારી શકો છો. તમે તમારી આવક વધારવાના સ્ત્રોતો પર સંપૂર્ણ ધ્યાન આપશો.

કન્યા: જો તમે કોઈ અજાણી વ્યક્તિ પર વિશ્વાસ કર્યો હોય, તો તે તમને છેતરપિંડી કરી શકે છે. જો તમારું કોઈ કામ લાંબા સમયથી બાકી હતું, તો તે પૂર્ણ થઈ શકે છે. તમારે તમારા કામ માટે બીજા કોઈ પર નિર્ભર રહેવાની જરૂર નથી, નહીં તો તમારા કામમાં વિલંબ થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ મોકળો થશે.

તુલા: વિદ્યાર્થીઓને બૌદ્ધિક અને માનસિક બોજમાંથી રાહત મળતી જોવા મળે છે. તમારા પર કામના દબાણને કારણે તમે પરેશાન રહેશો. તમારે તમારા બોસ સાથે સારા સંબંધો જાળવવાનો પ્રયાસ કરવો પડશે. જો તમે ક્યાંક જવાનું વિચારી રહ્યા હતા, તો તમારે થોડું ધ્યાન આપવું પડશે.

વૃશ્ચિક: જો તમે સાથે બેસીને પારિવારિક બાબતોનું સમાધાન કરશો, તો તે તમારા માટે સારું રહેશે. પ્રેમ જીવન જીવતા લોકો તેમના જીવનસાથીને મળશે. કંઈક નવું કરવાની તમારી ઈચ્છા જાગી શકે છે.

ધનુ: તમે નવું ઘર ખરીદી શકો છો. તમારું બાળક તમને કંઈક એવું કહી શકે છે જે તમને પરેશાન કરશે. તમે તમારા શોખની વસ્તુઓ ખરીદવા માટે પણ ઘણા પૈસા ખર્ચ કરશો. તમે તમારા ઘરે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરી શકો છો.

મકર : તમારા ખોવાયેલા પૈસા મળવાથી તમને ખુશી થશે. તમારે તમારા સાસરિયા પક્ષના કોઈ વ્યક્તિ સાથે ખૂબ વિચારપૂર્વક વાત કરવી જોઈએ. તમારે તમારી માતાને આપેલું વચન પૂરું કરવું પડશે. બીજી નોકરીની ઓફર મળવાથી તમને ખૂબ ખુશી થશે.

કુંભ : જો તમે કોઈ તણાવથી ચિંતિત હતા, તો તે સમસ્યા પણ દૂર થશે. તમારા કોઈપણ કાનૂની મામલાનો ઉકેલ આવતો જણાય છે.

મીન: તમારે તમારા વ્યવસાયમાં પણ થોડું વિચારીને આગળ વધવું જોઈએ. તમારો પ્રભાવ અને પ્રતિષ્ઠા વધશે. તમારે કેટલાક અજાણ્યા લોકોથી અંતર રાખવું પડશે.

## સુંડોકું

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૪ | | | | ૭ |
| ૩ | | | ૬ | ૫ | ૮ | | | |
| | ૮ | ૯ | | | | | | |
| ૯ | | ૩ | ૧ | | ૫ | | | |
| | ૪ | ૧ | | | | ૨ | ૬ | |
| | | | ૪ | | ૬ | ૩ | | ૧ |
| | | | | | | ૫ | ૮ | |
| | | | ૫ | ૮ | ૩ | | | ૯ |
| ૫ | | | | ૯ | | | ૭ | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૫ | ૪ | ૬ | ૮ | ૯ | ૨ | ૧ |
| ૪ | ૨ | ૯ | ૩ | ૧ | ૫ | ૮ | ૬ | ૭ |
| ૬ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ | ૫ | ૪ | ૩ |
| ૩ | ૪ | ૬ | ૮ | ૭ | ૨ | ૧ | ૯ | ૫ |
| ૫ | ૯ | ૭ | ૬ | ૪ | ૧ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૧ | ૨ | ૯ | ૫ | ૩ | ૬ | ૭ | ૪ |
| ૧ | ૬ | ૪ | ૫ | ૮ | ૭ | ૨ | ૩ | ૯ |
| ૯ | ૫ | ૮ | ૨ | ૩ | ૪ | ૭ | ૧ | ૬ |
| ૨ | ૭ | ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૫ | ૮ |

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : તપન પી. જયસ્વાલ
સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ
સહતંત્રી મહિતોષ જયસ્વાલ જવાબદાર બી.કે.ન્યૂઝ દૈનિકમાં પ્રસિદ્ધ થતાં તમામ સમાચાર, લેખો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષભાવ વગર જ જનજાગૃતિના ઉદ્દેશથી પ્રગટ કરવામાં આવે છે. કોઈને અન્યાય થયો છે તેવું લાગે તો તે બાબતના આધાર પુરાવા સાથે દિવસ-૭ માં અમારી હેડ ઓફિસે રૂબરૂ આવીને લેખિતમાં ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કરી શકાય.
તેમજ બી.કે.ન્યૂઝ દૈનિકમાં આવતી તમામ જાહેરખબરની પુષ્ટિ બી.કે.ન્યૂઝ દૈનિક કરતું નથી... જે તે જાહેર ખબર આપનારની જવાબદારી રહે છે.
પ્રકાશન સ્થળ : ૧, પી.કે.પાર્ક, હાઈવે, ડીસા, જિ. બનાસકાંઠા. ગુજરાત bknewsdaily@gmail.com.

### ગ્રીન્ઝો એનર્જી સાથે ભાગીદારીમાં પહેલ કરી

# ઓસવાલ એનર્જીએ રૂ. ૩૨૦ કરોડના ખર્ચે ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ લોન્ચ કર્યો

**ઈલેક્ટ્રોલાઈઝર ડિલિવરી માત્ર માલની ડિલીવરી નથી, પરંતુ ઉર્જાના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરના પરિવર્તનની પાયાની કામગીરીના આરંભની છે: રતન બોકાડિયા**

**નવી પહેલ સાથે જ ગ્રીન હાઈડ્રોજનના વૈશ્વિક હબ તરીકે ભારતને પ્રસ્થાપિત કરવા માટેનો માર્ગ ખૂલી ગયો**

**ગ્રીન એનર્જીના હબ તરીકે ભારતને વિકસાવવામાં અમે જે ફાળો આપી રહ્યા છીએ તે માટે અમે ગૌરવની લાગણી અનુભવી રહ્યા છીએ: સંદીપ અગ્રવાલ**




અમદાવાદ

ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીઝ લિમિટેડે રૂ. ૩૨૦ કરોડનું મૂડીરોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સત્તાવાર રીતે શરૂ કરી દીધો છે. ગ્રીન્ઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલીવરી મળી જતાં આ પ્રોજેક્ટનો આરંભ થઈ ગયો છે.કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટરની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથી 'બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફર' એટલે કે 'બાંધો, ચલાવો અને ટ્રાન્સફર કરી આપો'ના સિદ્ધાંત પર ૨૦ મેગાવોટના પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં અડધા મેગાવોટથી માંડીને પાંચ મેગાવોટ સુધીની ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટ્સ આગામી ૧૨થી ૧૮ મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીન્ઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ઓસવાલ એનર્જીઝના મેનેજિંગ ડિરેક્ટર રતન બોકાડિયાએ નવતર સીમાચિહ્નની વાત કરતાં જણાવ્યું હતું કે, "આ ઈલેક્ટ્રોલાઈઝર ડિલિવરી માત્ર માલની ડિલીવરી નથી, પરંતુ ઉર્જાના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરના પરિવર્તનની પાયાની કામગીરીના આરંભની છે. આપણા દેશનું વિઝન સ્થિરતા અને આત્મનિર્ભરતાનું છે. ગ્રીન્ઝો સાથેની ભાગીદારીમાં આ સફળતાં હાંસલ કરવાની છે. આ સાથે જ અમે વાતાવરણમાં ઓછામાં ઓછો કાર્બનડાયોક્સાઈડ છોડતી વ્યવસ્થા ઊભી કરી આપીને ભારત દેશના ઉદ્યોગોને વધુ સમર્થ બનાવી રહ્યા છીએ."આ પ્રોજેક્ટ સાથે ગ્રીન્ઝો એનર્જી પણ જોડાયેલી છે તે જ દર્શાવે છે કે ગ્રીન હાઈડ્રોજનના નિર્માણની દિશામાં ઝડપથી આગળ વધી રહેલા દેશમાં ગ્રીન્ઝો એનર્જી પણ મહત્વની કામગીરી કરી રહી છે. ગ્રીન્ઝો એનર્જીની ઓર્ડર બુક અત્યારે વધીને રૂ. ૧૫૦૦ કરોડને વળોટી ગઈ છે. ગ્રીન્ઝો દેશમાં અને પરદેશમાંના તેના કસ્ટમર્સને શ્રેષ્ઠ કાર્યક્ષમતા ધરાવતા ઈલેક્ટ્રોલાઈઝર અને હાઈડ્રોજન સિસ્ટમ પૂરી પાડી રહી છે. તેના આંતરરાષ્ટ્રીય સ્તરના કસ્ટમર્સના ફેલિક્સ ઈન્ડસ્ટ્રીઝ એલએલસી અને ફેલિક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ઈન્ડિયાનો પણ સમાવેશ થાય છે.આ અવસરે વાતચીત કરતાં ગ્રીન્ઝો એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર સંદીપ અગ્રવાલે જણાવ્યું હતું કે, "અમે આપેલા ઈલેક્ટ્રોલાયઝરના સપ્લાય થકી ગ્રીન એનર્જીના મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં ભારતની વધી રહેલી ક્ષમતાનો પ્રસ્થાપિત થઈ રહી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. ગ્રીન એનર્જીના નિર્માણ માટેના ભારતે નક્કી કરેલા લક્ષ્યાંકને ઓછામાં ઓછા ખર્ચ અને સ્વદેશી ટેક્નોલોજીની મદદથી પરિપૂર્ણ કરવામાં ટેકો આપવાની કામગીરી અમે કરી રહ્યા છીએ તે માટે અમે ગૌરવની લાગણી અનુભવી રહ્યા છીએ."ઓસવાલ એનર્જી અને ગ્રીન્ઝો અને ગ્રીન્ઝો એનર્જી વચ્ચે થયેલા જોડાણને અત્યાધુનિક મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજીને એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શનના એક અજોડ અને શક્તિશાળી સંગમ તરીકે જોવામાં આવી રહ્યું છે. તેની સાથે જ ગ્રીન હાઈડ્રોજનના વૈશ્વિક હબ તરીકે ભારતને પ્રસ્થાપિત કરવાનો માર્ગ ખૂલી ગયો છે.

# જામનગર નજીક ગોરધન પર ગામમાં રહેતા પ્રૌઢ ઉપર પરપ્રાંતીય શખ્સે છરી વડે હુમલો કરી ગળું કાપી નાખતાં ગંભીર ઈજા




જામનગર

જામનગર નજીક ગોરધનપર ગામમાં માધવ વિલા સોસાયટીમાં ગઈકાલે રાત્રે હંગામા મચી ગયો હતો, અને એક પર પ્રાંતીય શખ્સ દ્વારા પાડોશમાં રહેતા પ્રૌઢ ઉપર છરી જેવા ધારદાર હથિયાર વડે ગળાના ભાગે હુમલો કરી દેતાં ગળુ કપાયું હતું, અને ગંભીર હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ઉપરાંત પર પ્રાંતીય શખ્સ દ્વારા પોતાના ઉપર પણ હુમલો કરવા અંગેની વળતી ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક ગોરધનપર ગામમાં માધવ વિલા સોસાયટીમાં રહેતા આકાશ દુબે નામના પર પ્રાંતીય શખ્સ દ્વારા ગઈકાલે પાડોશમાં રહેતા રતનસિંહ ચાવડા વગેરેના મકાન પાસે ઊભા રહીને અપશબ્દો ઉચ્ચારતો હોવાથી ઘરમાં હાજર રહેલા મહિલા સભ્યોએ અહીં ગાળો બોલવાની ના પાડી હતી. જેથી તેઓ સાથે જીભાજોડી કરી હતી.

દરમિયાન મકાન માલિક રતનસિંહ હરિસિંહ ચાવડા અને તેનો પુત્ર યુવરાજસિંહ રતનસિંહ ચાવડા, ભત્રીજો અજયસિંહ ચાવડા તથા એક સાગરીત દોડી આવ્યા હતા, અને આકાશ દુબે પર લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કરતાં તેને પગમાં ઈજા થઈ હતી. દરમિયાન આકાશ દુબે ઉશ્કેરાયો હતો અને પોતાની પાસે રહેલા છરી જેવા ધારદાર હથિયાર વડે રતનસિંહ ચાવડાના ગળાના ભાગે હુમલો કરી દેતાં તેનું ગળું કપાયું હતું, અને લોહીના ફુવારા ઉડયા હતા.

જે બનાવ બાદ રતનસિંહ ચાવડાને તાત્કાલિક અસરથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં તબીબી દ્વારા તાત્કાલિક અસરથી સર્જરી કરી દેવામાં આવી હતી, જેથી તેની હાલત હાલ સુધારા પર છે.

આ બનાવની જાણ થતા સિક્કા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. સી.ડી.ગાંભવા પોતાની ટીમ સાથે બનાવના સ્થળે તેમજ જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને સૌ પ્રથમ મહિપતસિંહ કનકસિંહ ચાવડાની ફરીયાદના આધારે રતનસિંહ ચાવડા પર જીવલેણ હુમલો કરવા અંગે આકાશ દુબે સામે ગુનો નોંધ્યો છે, અને તેને અટકાયતમાં લઈ લીધો છે. જ્યારે આકાશ દુબે એ પણ પોતાના પર હુમલો કરવા અંગે ચાર સામે વળતી ફરિયાદ નોંધાવી છે.

# વડોદરા શહેરની અકોટા પોલીસ લાઈનમાં દસ દિવસથી ઉભરાતી ગટરોના પાણીથી લોકો પરેશાન



વડોદરા

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા અકોટા પોલીસ લાઈન ખાતે છેલ્લા દસ દિવસથી ગટરો ઉભરાઈ રહી છે. શહેરની રખેવાળી કરતા પોલીસ જવાનોને ફરજ પર જવાની તથા વિસ્તારમાં આવેલી સરકારી શાળામાં બાળકોને જવાની ફરજ પડે છે. જેથી સ્થાનિક પોલીસ પરિવારોમાં પાણીજન્ય રોગચાળાની દહેશત વ્યાપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અકોટા વિસ્તારની પોલીસ લાઈનમાં અનેક પરિવારો રહે છે. જ્યારે નજીકમાં જ સરકારી સ્કૂલ આવેલી છે. આ વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી ગટરો ઉભરાઈ રહી છે જેથી સ્થાનિક લોકો સહિત પોલીસોને પણ આવા ગંદા પાણીમાંથી અવરજવર કરવી પડે છે. જોકે શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પણ ગટરના ગંદા પાણીમાંથી સતત પસાર થવું પડે છે. આ અંગે સ્થાનિક વોર્ડ કચેરી અને પાલિકા કચેરીએ પણ વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ નહીં આવ્યો હોવાના સ્થાનિકોએ આક્ષેપ કર્યા છે. જ્યારે કોર્પોરેટરોને આ વિસ્તારમાં આવવાની કોઈ ફુરસદ પણ નહીં મળતી હોવાની ફરિયાદો પણ સ્થાનિકો કરી રહ્યા છે.

છેલ્લા દસ દિવસથી ગટરના ઉભરાઈ રહેલા દૂષિત પાણીમાંથી બાળકો સહિત સૌ કોઈને આવન જાવન કરવી પડે છે પરિણામે પરિવારજનોમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. જોકે તંત્રની ગાડી આ વિસ્તારમાં આવતી હોવાથી ચક્કર મારીને પાલિકા કર્મીઓ જતા રહે છે પરંતુ સ્થાનિક રહીશોની ફરિયાદો અંગે ધ્યાન આપવાની કોઈને ફૂરસદ જ મળતી નથી. જોકે સ્થાનિક કોર્પોરેટરો પણ આ વિસ્તારમાં ભાગ્યે જ જોવા મળી રહ્યા હોવાનું સ્થાનિક રહીશો જણાવી રહ્યા છે.

# ગુજરાતમાં અત્યાધુનિક રોડ નેટવર્કનું નિર્માણ: ૯૩ હજાર કરોડથી વધુના ખર્ચે ગુજરાતમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનશે

**નમોશક્તિ અને સોમનાથ - દ્વારકા એક્સપ્રેસ વે મહત્વના ઔદ્યોગિક અને પ્રવાસન સ્થળોને જોડશે**

**લોજિસ્ટિક્સ ખર્ચ અને મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે, ઔદ્યોગિક વિસ્તારોને કાર્યક્ષમ પોર્ટ કનેક્ટિવીટી મળશે**

**રાજ્યના નાગરિકોની સુખાકારીમાં વધારો કરીને અત્યાધુનિક અને વિશ્વકક્ષાનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ**

**બન્ને એક્સપ્રેસ વે ૧૩ જિલ્લામાંથી પસાર થશે, રાજ્યની ૪૫ ટકા વસ્તીને ફાયદો**

ગાંધીનગર

રાજ્યના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ એવા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત અને વિશ્વસ્તરીય બનાવવાનો પાયો તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાખ્યો હતો. તેમણે વિઝનરી આયોજનથી રાજ્યના માર્ગોને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરીને રાજ્યના વિવિધ વિસ્તારો સુધી કનેક્ટિવિટીનો વ્યાપ વધાર્યો હતો. આ વિકાસયાત્રાને આગળ લઈ જતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સમયની માંગને અનુરૂપ વિશ્વસ્તરીય રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે. આ માર્ગોના નિર્માણથી ગુજરાતનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફ્યુચર રેડી બની જશે અને રાજ્ય સહિત દેશની અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર યોગદાન આપશે.

### નમોશક્તિ અને સોમનાથ - દ્વારકા એક્સપ્રેસ વે : ઉ. ગુજરાત અને સૌરાષ્ટ્રના આર્થિક વિકાસ નું વ્યાપક આયોજન

આ વર્ષે રાજ્યના બજેટમાં બે ગ્રીનફીલ્ડ એક્સપ્રેસ વે નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ બે એક્સપ્રેસ વે છે : (અ) નમોશક્તિ અને (બ) સોમનાથ - દ્વારકા એક્સપ્રેસ વે. અંદાજિત ૩૬,૧૨૦ કરોડના ખર્ચે નમોશક્તિ એક્સપ્રેસ વે ડીસાથી પીપાવાવ સુધી નિર્માણ કરવામાં આવશે, જેની લંબાઈ ૪૩૦ કિ.મીની હશે. બીજી તરફ સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વે કુલ ૬૮૦ કિ.મીનો હશે જે અંદાજિત ૫૭,૧૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે, જેનાથી અમદાવાદ, રાજકોટ અને દ્વારકાની આસપાસના વિસ્તારો માટે ની કનેક્ટિવિટી સુગમ બનશે.

### સૌરાષ્ટ્રના ઉદ્યોગો માટે વ્યૂહાત્મક પોર્ટ કનેક્ટિવિટી

આ બન્ને એક્સપ્રેસ વે રાજ્યના મહત્વપૂર્ણ બંદરો સુધી સીધી અને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે અને ગુજરાતને ભારતના અન્ય પ્રદેશો સાથે પણ મજબૂતી સાથે જોડશે. આ કનેક્ટિવિટી શરૂ થવાથી ટ્રાફિકના ભારણમાં ઘટાડો થશે અને પ્રદૂષણને ઘટાડવામાં પણ મદદરૂપ થશે.

### અમદાવાદ-રાજકોટ એક્સપ્રેસ-વે : મુખ્ય ઔદ્યોગિક અને ઉત્પાદન કોરિડોર તરીકે સ્થાપિત થશે

મહત્વપૂર્ણ બાબત એ છે કે આ એક્સપ્રેસ વે ધોલેરા-મુંબઈ ઈન્ડસ્ટ્રીઅલ કોરિડોરના ઈન્ફ્લુઅન્સ એરિયામાંથી પસાર થાય છે. પરિણામે અમદાવાદ-રાજકોટ એક્સપ્રેસ વે એક મુખ્ય ઔદ્યોગિક અને ઉત્પાદન કોરિડોર તરીકે ઉભરી આવશે. લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈનમાં કાર્યક્ષમતા વધવાથી સાણંદના સમૃદ્ધ ઔદ્યોગિક ક્ષેત્રને ફાયદો થશે. આ કનેક્ટિવિટીથી રાજકોટના ટૂલ્સ અને મશીન ઉપકરણોનું ઉત્પાદન કરતા એકમોને પણ ફાયદો થશે. સુરેન્દ્રનગરમાં સ્જીસ્ઈજ ને આ મુખ્ય શહેરો સાથે સુગમ જોડાણ મળશે. તે સિવાય ઉત્તર ગુજરાતમાં પાલનપુર અને ડીસા જેવા વિસ્તારોમાં કૃષિ સંબંધિત વ્યવસાયિક અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

### બન્ને એક્સપ્રેસ વે ૧૩ જિલ્લામાંથી પસાર થશે, રાજ્યની ૪૫ ટકા વસ્તીને ફાયદો




આ બન્ને એક્સપ્રેસ વે એક અભૂતપૂર્વ રોડ નેટવર્કનું નિર્માણ કરશે જેનો ફાયદો રાજ્યના ૧૩ જિલ્લાને થશે. બન્ને એક્સપ્રેસ વે અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, અમદાવાદ, રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથમાંથી પસાર થશે અને રાજ્યની આશરે ૪૫ ટકા વસ્તીને તેનો ફાયદો મળશે. આ ૧૩ જિલ્લા કેન્દ્રોમાં થી આ એક્સપ્રેસ વે પર પહોંચવા માટે એક કલાક કરતા પણ ઓછો સમય લાગશે.

### એક્સપ્રેસ વે નેટવર્કમાં ૪૨ ઈન્ટરચેન્જ અને વે સાઈડ એમેનિટિઝ

આ બન્ને એક્સપ્રેસ વે નેવટર્કમાં ૪૨ જેટલા ઈન્ટરચેન્જ રહેશે જેનાથી પ્રાદેશિક જોડાણને વેગ મળશે. તે સિવાય રોડ પર વિશેષ સુવિધાઓ માટે ૫૦ કિ.મીના અંતર પર વેસાઈડ એમેનિટિઝ પ્રદાન કરવામાં આવશે. આ એમેનિટિઝમાં નાના અને ભારે વાહનો માટે પાર્કિંગ, રેસ્ટરૂમ, ગુણવત્તાયુક્ત ખાણીપીણીની સુવિધાઓ, મેડિકલ સુવિધાઓ, પેટ્રોલ પંપ અને અન્ય જરૂરી સુવિધાઓ પ્રદાન કરવામાં આવશે. આ રોડ નિર્માણ સમયે જ્યાં જરૂર જણાશે ત્યાં વન્યજીવોને પસાર થવા માટે ઓવરપાસ અથવા તો અંડરપાસ નું પણ નિર્માણ કરવામાં આવશે.

### મહત્વપૂર્ણ ઔદ્યોગિક- પ્રવાસન સ્થળોને મળશે સુગમ કનેક્ટિવિટી

આ બન્ને એક્સપ્રેસ વે રાજ્યના મહત્વપૂર્ણ ઔદ્યોગિક અને પ્રવાસન સ્થળો સુધી સીમલેસ જોડાણ પ્રદાન કરશે. તેમાં અંબાજી, ધરોઈ, પોળોના જંગલ, મોઢેરા, બેચરાજી, જામનગર, દ્વારકા, પોરબંદર અને સોમનાથ જેવા સ્થળો ને સુધી સીધું જોડાણ મળશે. તે સિવાય માંડલ વિશેષ રોકાણક્ષેત્ર, બાવળા, સાણંદ, રાજકોટ-શાપર, પોરબંદર-કોડીનાર તેમજ ધોલેરા જેવા ઔદ્યોગિક ક્ષેત્રો સુધીની કનેક્ટિવિટી વધુ સુગમ બનશે.આ બે પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ રાજ્યમાં એક ભવ્ય રોડ નેવટર્કનું નિર્માણ થશે અને નાગરિકોને ૮,૦૦૦ કિ.મીથી વધુના ૪-૬ લેન હાઈવે ઉપલબ્ધ થશે.